# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-10 : ગુજરાતી (દ્વિતીય ભાષા)**
**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 80**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મૉડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મૉડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 24 | 13 | 19 | 04 | 20 | 80 |
| ટકા | 30 % | 16 % | 24 % | 05 % | 25 % | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 | 24 |
| 2. | અતિ ટૂંક જવાબી પ્રશ્નો (VSA) | 12 | 12 | 12 |
| 3. | ટૂંક જવાબી પ્રશ્નો (SA) | 04 | 06 | 08 |
| 4. | લાંબા પ્રશ્નો (LA) | 08 | 11 | 28 |
| 5. | નિબંધ પ્રકારના પ્રશ્નો (EA) | 01 | 03 | 08 |
| | **કુલ** | **49** | **56** | **80** |

**વિભાગ પ્રમાણે ગુણભાર :**

| ક્રમ | વિભાગનું નામ | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | |
| 1. | ગદ્ય વિભાગ | 20 |
| | **વિભાગ-B** | |
| 2. | પદ્ય વિભાગ | 20 |
| | **વિભાગ-C** | |
| 3. | વ્યાકરણ વિભાગ | 16 |
| | **વિભાગ-D** | |
| 4. | અર્થગ્રહણ/લેખન | 24 |
| | **કુલ** | **80** |

**નોંધ :** ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21 માટે અભ્યાસક્રમના રદ કરેલા પ્રકરણ/મુદ્દાઓમાંથી પ્રશ્નો પૂછવા નહીં.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-10 : ગુજરાતી (દ્વિતીય ભાષા)**
**વાર્ષિક પરીક્ષા**
**પ્રશ્નપત્રનું માળખું**

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 80**

| પેટા વિભાગ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ - A (ગદ્ય વિભાગ)** | 20 |
| (અ) | જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો. (ત્રણ)<br>(પાત્ર-ઉક્તિ / કૃતિ-કર્તા / પાત્ર-કૃતિ / કૃતિ-પ્રકાર)<br>આ ચાર પૈકી ગમે તે એકનું જોડકું પૂછવું. (દરેકનો 1 ગુણ) | 03 |
| (બ) | (1) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.<br>(બે ખાલી જગ્યાઓ પૂછવી, કૌંસમાં વિકલ્પ આપવા) (દરેકનો 1 ગુણ) | 02 |
| | (2) આપેલાં વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો. (બે વિધાન પૂછવાં) (દરેકનો 1 ગુણ) | 02 |
| (ક) | એક વાક્યમાં ઉત્તર લખો. (ત્રણ પ્રશ્નો પૂછવા) (દરેકનો 1 ગુણ) | 03 |
| (ડ) | બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (ત્રણ પ્રશ્નો પૂછવા ને કોઈપણ બેના ઉત્તર લખવા)<br>(દરેકના 2 ગુણ) | 04 |
| (ઈ) | સવિસ્તાર ઉત્તર લખો. (ત્રણ પ્રશ્નો પૂછવા) (કોઈપણ બેના ઉત્તર લખવા)<br>(દરેકના 3 ગુણ) | 06 |
| | **વિભાગ-B (પદ્ય વિભાગ)** | 20 |
| (અ) | જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો. (ત્રણ)<br>(કૃતિ-કર્તા / કૃતિ-સાહિત્ય પ્રકાર)(બે પૈકી ગમે તે એક જોડકું પૂછવું) (દરેકનો 1 ગુણ) | 03 |
| (બ) | (1) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યાઓ પૂરો.<br>(બે ખાલી જગ્યા પૂછવી, વિકલ્પો આપવા) (દરેકનો 1 ગુણ) | 02 |
| | (2) આપેલાં વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો. (બે વિધાન પૂછવાં) (દરેકનો 1 ગુણ) | 02 |
| (ક) | એક વાક્યમાં ઉત્તર લખો. (ત્રણ પ્રશ્નો પૂછવા) (દરેકનો 1 ગુણ) | 03 |
| (ડ) | બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (ત્રણ પ્રશ્નો પૂછવા ને કોઈપણ બેના ઉત્તર લખવા)<br>(દરેકના 2 ગુણ) | 04 |
| (ઈ) | સવિસ્તાર ઉત્તર લખો. (ત્રણ પ્રશ્નો પૂછવા ને કોઈપણ બેના ઉત્તર લખવા)<br>(દરેકના 3 ગુણ) | 06 |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-10 : ગુજરાતી (દ્વિતીય ભાષા)**
**વાર્ષિક પરીક્ષા**
**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું માળખું** **કુલ ગુણ : 80**

| | | | | |
|---|---|---|---|---|
| | **વિભાગ-C (વ્યાકરણ)** | | | 16 |
| | માગ્યા પ્રમાણે ઉત્તર લખો. | | | |
| | 1. | સમાનાર્થી શબ્દ આપો. | 02 | |
| | 2. | વિરોધી શબ્દ આપો. | 02 | |
| | 3. | જોડણી સુધારો. | 02 | |
| | 4. | સંધિ છોડો/જોડો. | 01 | |
| | 5. | સમાસ ઓળખાવો. | 01 | |
| | 6. | રૂઢિપ્રયોગનો અર્થ આપો. | 01 | |
| | 7. | કહેવત સમજાવો | 01 | |
| | 8. | કર્તરિ વાક્ય / કર્મણિ વાક્ય | 01 | |
| | 9. | ભાવે/પ્રેરક વાક્ય | 01 | |
| | 10. | વિશેષણ/વિશેષણનો પ્રકાર | 02 | |
| | 11. | વિરામચિહ્ન | 02 | |
| | **વિભાગ-D (અર્થગ્રહણ / લેખન વિભાગ)** | | | 24 |
| (અ) | સંક્ષેપીકરણ | | 04 | |
| (બ) | વાર્તાલેખન | | 04 | |
| (ક) | અહેવાલલેખન | | 04 | |
| (ડ) | વિચાર વિસ્તાર (બેમાંથી કોઈપણ એક) | | 04 | |
| (ઈ) | નિબંધલેખન (ત્રણમાંથી કોઈપણ એક નિબંધ) | | 08 | |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર

## ધોરણ-10 : ગુજરાતી (દ્વિતીય ભાષા)
## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **નમૂનાનું પ્રશ્નપત્ર** **કુલ ગુણ : 80**

**સૂચના :**

- આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.
- જમણી બાજુના આંકડા પ્રશ્નના કુલ ગુણ દર્શાવે છે.

### વિભાગ - A (ગદ્ય વિભાગ) [20]

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** **[03]**

| અ (કૃતિ) | બ (કર્તા) |
|---|---|
| (1) પ્રયાણ | (અ) પ્રેમજી પટેલ |
| (2) જેઠીબાઈ | (બ) રમણભાઈ નીલકંઠ |
| (3) ટિફિન | (ક) વિકાસ શર્મા |
| | (ડ) દુલેરાય કારાણી |

**(બ) (1) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[02]**

(1) ભર બજારે ચોગાનમાં રમઝૂએ ........... રાગ ઉપાડ્યો.
(ભૈરવી, અડાણો, સારંગી)

(2) અમૂલ ડેરીના સ્વપ્ન દૃષ્ટા ............... હતા.
(વર્ગીસ કુરિયન, ત્રિભુવનદાસ પટેલ, વલ્લભભાઈ પટેલ)

**(2) નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **[02]**

(1) ઘવાયેલો દીપક ઈશ્વરનું સ્મરણ કરે છે.

(2) જેઠીમાએ દીવ બંદરમાં રંગાટ અને વણાટકામનું કારખાનું ઊભું કર્યું હતું.

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[03]**

(1) ‘ટિકિટ’ માટે ભદ્રંભદ્ર કયો શબ્દ પ્રયોજે છે ?

(2) બલાઈને સૌથી વધુ આકર્ષણ કયા વૃક્ષનું હતું ?

(3) ‘ટિફિન’ કૃતિમાં ગાય માટે કયો શબ્દ પ્રયોજાયો છે ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **[04]**

(1) પોર્ટુગીઝ ઑફિસરો જેઠીબાઈના ઘર પાસેથી પસાર થતા ત્યારે શું કરતા ?

(2) બલાઈને પ્રકૃતિ સાથે કેવી લાગણી છે ?

(3) અંબારામ ભદ્રંભદ્રના વેગ માટે કઈ ઘટના યાદ કરાવે છે ?

**(ઈ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે બે)** **[06]**

(1) સર અમલ દેરાસરીનું હૃદય પરિવર્તન તમારા શબ્દોમાં વર્ણવો.

(2) ‘શરણાઈના સૂર’ કૃતિના આધારે પિતાની વેદના આલેખો.

(3) જેઠીબાઈનું પાત્રનિરૂપણ કરો.

## વિભાગ - B [20]

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [03]

| (અ) કૃતિ | (બ) સાહિત્ય પ્રકાર |
|---|---|
| (1) જીવન અંજલિ થાજો | (અ) ગઝલ |
| (2) તે બેસે અહીં | (બ) સૉનેટ |
| (3) ક્યાં રે વાગી ? | (ક) ગીતકાવ્ય/પ્રાર્થના |
| | (ડ) લોકગીત |

**(બ) (1) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [02]

(1) મોરલીનો નાદ ................ માં ગાજે છે. (ધરતી, દિશાઓ, ગગન)

(2) સતની કાંટાળી કેડી પર ............. બની પથરાજો. (પુષ્પ, કંટક, પાથરણું)

**(2) નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** [02]

(1) કડવા લીમડાની છાયા કડવી હોય છે.

(2) 'જીવમાં જીવ આવ્યો' કાવ્યના સર્જક હરિકૃષ્ણ પાઠક છે.

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [03]

(1) વૃંદાવનના માર્ગે વહાલો શું માગે છે ?

(2) હાઈકુ સાહિત્ય પ્રકારમાં કેટલા અક્ષરો હોય છે ?

(3) 'ક્યાં રે વાગી ?' કાવ્યમાં મોરલીના રાગને કેવો કહ્યો છે ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** [04]

(1) કવિ મૃત્યુ સાથે કેવો સંઘર્ષ કરવા માંગે છે ?

(2) 'તે બેસે અહીં' કાવ્યમાં કવિ દાનનો મહિમા કયા ઉદાહરણ દ્વારા સમજાવે છે ?

(3) વરસાદ વરસવાથી પ્રકૃતિ પર તેની શી અસર થઈ ?

**(ઇ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે બે)** [06]

(1) 'જીવન અંજલિ થાજો' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(2) 'પંખી પીંજરામાં ભરાઈ ગયું' માં વ્યક્ત થતી વેદના વર્ણવો.

(3) 'ક્યાં રે વાગી ?' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.

## વિભાગ - C (વ્યાકરણ વિભાગ) [16]

- **માગ્યા પ્રમાણે પ્રશ્નોના ઉત્તર લખો.**

(1) નીચેનામાંથી કયો શબ્દ 'વૃંદા' શબ્દનો સમાનાર્થી છે ? [1]

(અ) ટોળું (બ) તુલસી (ક) વંદો

(2) નીચેનામાંથી સમાનાર્થી શબ્દનું કયું જોડકું ઉચિત નથી ? [1]

(અ) રાત-રજની (બ) અનિલ-પવન (ક) હરખ-શોક

(3) 'ઉદય' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો. [1]

(અ) અસ્ત (બ) ઊગવું (ક) વ્યસ્ત

(4) નીચે વિરુદ્ધાર્થી શબ્દનાં જોડકાં આપ્યાં છે. તેમાં કયું જોડકું ઉચિત નથી ? [1]

(અ) તડકો X છાંયો (બ) ચોર X શાહુકાર (ક) પ્રશંસા X વખાણ

(5) નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ? [1]

(અ) મિનિટ (બ) મીનિટ (ક) મિનીટ

(6) જર્મની ટૅક્નોલોજીની ............... એ પણ આગળ છે. [1]

(અ) દ્રષ્ટિ (બ) દશ્ટિ (ક) દૃષ્ટિ

(7) નીચેનામાંથી 'ચિંતાતુર' શબ્દની કઈ સંધિ યોગ્ય રીતે છોડેલી છે ? [1]

(અ) ચિંત + અતુર (બ) ચિંતા + આતુર (ક) ચિતા + આતુર

(8) નીચેનામાંથી કયો સમાસ મધ્યમપદલોપી છે ? [1]

(અ) વાતાવરણ (બ) પતિપત્ની (ક) સિંહાસન

(9) 'આંખ મીંચી જવી' રૂઢિપ્રયોગનો અર્થ આપો. [1]

(10) 'ઝાઝી કીડીઓ સાપને તાણે' - કહેવતનો અર્થ લખો. [1]

(11) 'સુનિલ નિબંધ લખે છે' - કર્મણિ વાક્ય બનાવો. [1]

(12) સકીના પકવાન જમતી - પ્રેરક વાક્ય બનાવો. [1]

(13) 'દસ વરસના દીકરાને લઈને તે અહીં આવ્યો હતો.' - રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો. [1]

(14) નીચેનામાંથી અવિકારી વિશેષણ શોધીને લખો. [1]

(અ) મોટું (બ) નટખટ (ક) ડાહ્યું

(15) હાલો મીર હાલો ઝટ વહેતા થાવ - યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો. [1]

(16) વાક્યને અંતે કયું વિરામચિહ્ન ન મૂકી શકાય ? [1]

(અ) અલ્પવિરામ (બ) પૂર્ણવિરામ (ક) પ્રશ્નાર્થચિહ્ન

## વિભાગ - D (અર્થગ્રહણ / લેખન સજ્જતા) [24]

**(અ) નીચે આપેલ ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [04]**

યુવાન માણસોમાં ઘણું ખરું મનમાં આવે તે કહી દેવાની ટેવ હોય છે. જેથી કરી લુચ્ચાઈમાં પાકા થયેલા માણસોનો તેઓ બિચારા ભોગ થઈ પડે છે. કોઈ લુચ્ચો માણસ તમને કહેશે કે હું તમારો મિત્ર છું તો ખરે જ તેને ખરો મિત્ર ગણે અને ક્ષણિક મિત્રતાના વચનથી તેમાં વગર વિચારે બેહદ વિશ્વાસ રાખે તેથી પોતાને વિનાશકારક પરિણામ નીપજે. આથી મોઢે બોલાયેલી મિત્રતાથી સાવધ રહેવું. તેવા મિત્ર આવે ત્યારે તેમને ઘણી સલુકાઈથી મળવું. પણ તેના બોલવામાં કાંઈ ભરોસો રાખવો નહીં. પહેલી જ મુલાકાતમાં અથવા થોડીક ઓળખાણમાં લોકો મિત્ર થઈ જાય છે એવું કદી ધારતા નહિ, ખરી મિત્રતા તો હળવે-હળવે થાય છે અને અન્યોન્યના ગુણનું જ્ઞાન થયા વિના તે મિત્રતા કદી વૃદ્ધિ પામીને પક્વ થતી નથી.

**(બ) આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો અને તેમાંથી મળતો બોધ લખી તેને શીર્ષક આપો. [04]**

એક કંજૂસ - વાડામાં રૂપિયા દાટવા - દરરોજ રાત્રે રૂપિયા ગણવા - ચોરનું જોઈ જવું - રૂપિયા કાઢી લેવા અને કાંકરા મૂકવા - કંજૂસને જાણ - માથું કૂટવું - પાડોશીનું મહેણું - ''હવે કાંકરા ગણજે'' - બોધ.

(ક) **તમારી શાળામાં યોજાયેલ 'વૃક્ષારોપણ સપ્તાહ' કાર્યક્રમનો અહેવાલ આશરે ૧૦૦ (એકસો) શબ્દોમાં લખો. [04]**

(ડ) **નીચે આપેલી પંક્તિઓનો વિચાર-વિસ્તાર કરો. [04]**

હૈયે વડવાનલ જલે, તો યે સાગર ગાય
હસી જાણે જગઝેર પી, સંત તે કહેવાય.

અથવા

આળસ એ જીવતા માણસની કબર છે.

(ઇ) **નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો. [08]**

- પ્રવાસનું જીવન ઘડતરમાં સ્થાન

  (પ્રસ્તાવના - પ્રવાસના વિવિધ ફાયદા - પ્રત્યક્ષ જ્ઞાન, સૌંદર્ય દૃષ્ટિનો વિકાસ - સામૂહિક જીવનનો અનુભવ - સાહસિક વૃત્તિનો વિકાસ - ઉપસંહાર )

અથવા

- માતૃપ્રેમ

  (પ્રસ્તાવના - ધરતી પરનું અમૃત - પશુપંખીઓનાં માતૃપ્રેમનાં દૃષ્ટાંતો - માતાનું વાત્સલ્ય - માતા અમૂલ્ય મૂડી - ઉપસંહાર)

અથવા

- પ્રાર્થના - આત્માનો ખોરાક

  (પ્રસ્તાવના - ઈશ્વરના ઋણી - વિવિધ ધર્મોમાં પ્રાર્થના - પ્રાર્થનાની શક્તિ અને તેનાં ઉદાહરણ - પ્રાર્થનાના સંસ્કાર - ઉપસંહાર )

----------